## પાઠ – ૧૨ જૈન ધર્મની પ્રાચીનતા – પારંપારીક તથા ઐતિહાસિક દ્રષ્ટિકોણ

જૈન ધર્મની પ્રાચીનતાના બે દ્રષ્ટિકોણ છે ૧) પારંપારીક માન્યતા અને ૨) ઐતિહાસિક દ્રષ્ટિકોણ

**૧) પારંપારીક માન્યતાઃ**

જૈન ધર્મ માને છે કે બ્રહ્માંડ અનાદિ અને અનંત છે. કાળચક્ર લોલકની જેમ અર્ધગોળમાં ઉપરથી નીચે અને નીચેથી ઉપર ગતિ કરે છે. એક કાળ ચક્ર ના બે ભાગ છે, અવસર્પિણી (નીચે આવતો) અને ઉત્સર્પિણી (ઉપર જતો). આ દરેકના ૬ ભાગ છે જેને આરા (સમયનું માપ)કહેવાય છે એટલે અવસર્પિણી કાળના ૬ આરા પત્યા પછી ફરી પાછા ઉત્સર્પિણી કાળના આરા શરૂ થશે આ રીતે ઘડિયાળના લોલકની જેમ કાળચક્ર ફર્યા કરે છે. ઉત્સર્પિણી કાળ પ્રગતિનો રહેશે અને અવસર્પિણી કાળ પતનનો રહેશે જેમાં મનુષ્યના શરીરનો બાંધો, જીવન, શરીરની શકિત, સુખ, વાતાવરણ અને આરાની લંબાઈમાં બધું ઓછું ઓછું થતું રહેશે. પહેલો આરો સૌથી લાંબો અને છઠ્ઠો આરો સૌથી ટૂંકો હશે. આનાથી ઉલટું ઉત્સર્પિણી કાળમાં હશે. જૈન દર્શન પ્રમાણે બંને અર્ધકાળ ચક્રમાં ૨૪ તિર્થંકરો થાય છે.

અત્યારના અવસર્પિણી કાળના ભગવાન ઋષભદેવ પહેલા તિર્થંકર અને ભગવાન મહાવીર છેલ્લા (૨૪માં) તિર્થંકર છે. આ રીતે જૈન ધર્મ અનાદિ અનંત છે. અનંત ચોવીસી થઈ ગઈ અને અનંત ચોવીસી થશે.

**૨) ઐતિહાસિક દ્રષ્ટિકોણ માટે પ્રાચીન ગ્રંથો અને પુરાતત્વીય સ્ત્રોતો :**

**પ્રાચીન ગ્રથોમાં જૈન ધર્મનો ઉલ્લેખઃ**

આપણી પાસે ચાર તિર્થંકર નામે ઋષભદેવ, નેમીનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી હોવાના ઐતિહાસીક પુરાવા છે. એ તો બધાને ખબર છે મહાવીર સ્વામી (૫૯૯-૫૨૭ બી.સી) જૈનોના છેલ્લા તિર્થંકર છે. ૨૩મા તિર્થંકર પાર્શ્વનાથ હતા (૮૭૧-૭૭૭ બી.સી.)જેનો પુરાવો જાણીતા ઈતિહાસકાર અને જર્મન વિદ્વાન હર્મન જેકોબીએ, વિનસેટ સ્મિથ, આર.સી. મઝુમદાર બધાએ આપેલ છે.

તિર્થંકર પાર્શ્વનાથની પહેલા તિર્થંકર નેમિનાથ થઈ ગયા હતા. જેમનું બીજું નામ અરિષ્ટનેમિ છે જે ૨૨માં તિર્થંકર છે. જેમની પણ ઐતિહાસિકતા પાર્શ્વનાથ જેવી જ છે. જૈન પરંપરા પ્રમાણે (મહાભારતના) તે કૃષ્ણના પિતરાઈ હતા. સમુદ્રવિજય નેમીનાથના પિતા અને વાસુદેવ જે કૃષ્ણના પિતા, બંને ભાઈઓ હતા. એક શિલાલેખ પણ છે જે નેમિનાથની આ ઐતિહાસિકતાને સાબિત કરે છે. મથુરામાં મળેલા પુરાતત્વીય પુરાવાના આધાર પર ડૉ.ફહરેરે એમ કહ્યું છે કે નેમિનાથ એક મહાન ઐતિહાસિક પુરુષ હતા. (vide Epigraphia Indica, I,389 and II 208-210) આપણને ઈન્ડો-સીયાચીનના શિલાલેખમાં પણ નેમીનાથનો ઉલ્લેખ જોવા મળે છે. આ અને બીજા ઘણા પુસ્તકોમાં નેમીનાથનો ૨૨ મા તિર્થંકર તરીકે ઉલ્લેખ છે. બાકીના ૨૧ તિર્થંકરોનો ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથોમાં મળે છે.

હિંદુ ગ્રંથમાં પહેલા તિર્થંકર આદિનાથનો ઉલ્લેખ મળે છે.

**બૌધ્ધ ગ્રંથમાં બૌધ્ધ ધર્મની પ્રાચીનતા :** મહાવીર, ગૌતમ બુધ્ધ (બૌધ્ધ ધર્મના સ્થાપક)ના સમકાલીન હતા એટલે સ્વાભાવિક જ છે કે બૌધ્ધ સાહિત્યમાં મહાવીરના વ્યક્તિત્વનો ઉલ્લેખ હોય. એ જાણવું અગત્યનું છે કે મહાવીરને બૌધ્ધ ગ્રંથોમાં નિગ્રંથ જ્ઞાતપુત્ર તરીકે સંબોધવામાં આવ્યા છે અર્થાત નગ્ન સાધુ. બૌધ્ધ ગ્રંથોમાં જૈન ધર્મ નવો ધર્મ છે એમ નથી કહેવાયું પણ પ્રાચીન ધર્મ તરીકે ઓળખાવામાં આવ્યો છે. બૌધ્ધ સાહિત્યના ઘણા પુસ્તકોમાં નગ્ન જૈન સાધુ, અર્હતની પૂજા કરનારા, જૈન ચૈત્ય (મંદિર) અને ચર્તુયામ ધર્મનો (પાર્શ્વનાથ પરંપરો) ઉલ્લેખ છે.

બૌધ્ધ ગ્રંથોમાં ઋષભદેવ, પદ્મપ્રભુ, ચંદ્રપ્રભુ, પુષ્પદંત, વિમલનાથ, ધર્મનાથ, નેમીનાથ વગેરે તિર્થંકરોના ઉલેખ જોવા મળે છે. 'ધર્મોત્તરપ્રદીપા' નામના સુપ્રસિધ્ધ બૌધ્ધ ગ્રંથમાં ઋષભદેવ અને મહાવીર સ્વામીનો આપ્ત અથવા તિર્થંકર તરીકે ઉલ્લેખ છે. 'અંગુતરનિકાય' નામના પુસ્તકના ધમિક્કસુત્તમાં અરિષ્ટનેમી અથવા નેમીનાથ ઉપરોક્ત તિર્થંકરમાના એક તિર્થંકર છે એમ લખેલું છે. બૌધ્ધ પુસ્તક 'મનોરથપુણીમાં' પુરુષો અને સ્ત્રીઓમાં જે પાર્શ્વનાથનો જૈન ધર્મ પાળતા હતા એમના નામો લખાયેલા છે જેમાં એક ગૌતમ બુધ્ધના કાકા પણ છે; જેનું નામ વપ્પા હતું. હકિકતમાં બૌધ્ધ ગ્રંથોમાં લખેલું છે એ હિસાબે બુધ્ધે પોતે નવો ધર્મ સ્થાપ્યો એ પહેલા જૈનોની જેમ તપસ્યા કરતા હતા. ગૌતમ બુધ્ધના બે ગુરુ જૈન હતા તેવો ઉલ્લેખ પણ જોવા મળે છે.

**વૈદિક પરંપરાના ગ્રંથોમાં જૈન ધર્મની પ્રાચીનતા :** હિંદુઓએ કયારે પણ વિરોધ કર્યો નથી કે જૈન ધર્મના સ્થાપક ઋષભદેવ ન હતા અને એ સમયે જ સમાજની શરૂઆત થઈ. તેઓ તેમને દૈવી પુરુષ માનતા હતા. તેઓ તેમના માતાપિતા નાભિરાજા અને મરૂદેવી માતાને પણ એટલું જ માન આપે છે.

ઋગવેદમાં ઋષભદેવનો પહેલા તિર્થંકર તરીકે સ્પષ્ટ ઉલ્લેખ છે. યર્જુવેદમાં પણ ઋષભ, અજીતનાથ અને અરિષ્ટનેમિ આ ત્રણ તિર્થંકરોના નામ છે. અથર્વવેદમાં પણ વર્ત્યનો ઉલ્લેખ છે એટલે જે વ્રતો કરે છે તે. તે સમયે જૈનોના અને હિંદુઓના વ્રતો જુદા હતા. એજ રીતે અથર્વવેદમાં મહાવર્ત્ય શબ્દ છે જે ઋષભદેવ તરફ ઈશારો કરે છે જે મહાવ્રતી હતા.

**પુરાતત્વીય સ્ત્રોતો :**

અમુક ઐતિહાસિક પુરાવાથી એમ જણાય છે કે ઋષભદેવ જૈન ધર્મના સ્થાપક હોવા જોઈએ. આ સંદર્ભમાં ડૉ. જેકોબી લખે છે કે પાર્શ્વનાથ જૈન ધર્મના સ્થાપક હતા એવા કોઈ પૂરાવા નથી. પરંપરા પણ ઋષભદેવને પહેલા તિર્થંકર તરીકે માને છે. ઈશુની પહેલી સદીના લોકો ઋષભદેવની પૂજા કરતા હતા એના પૂરાવા છે. ખારવેલની હાથી ગુફા અને ઉદયગિરી ગુફા જે ઓરીસ્સાના ભુવનેશ્વરમાં છે અને જે ખારવેલ સ્થાપત્ય તરીકે ઓળખાય છે. તેમાં એક નોંધ છે કે કલિંગના રાજા ખારવેલે મગધ પર ચઢાઈ કરીને ઋષભદેવની અગ્રજિન પ્રતિમા પાછી લાવ્યા હતા જે પ્રતિમા મગધ દેશના રાજાઓએ ઈ.સ. પૂર્વેની ત્રીજી સદીમાં લૂંટી લીધી હતી, એનો અર્થ એ થયો કે પાંચમી સદી બીસીમાં ઋષભદેવની પૂજા થતી હતી. આ શિલાલેખ પર 'નમો અરિહંતાણં' અને 'નમો સવ્વ સિધ્ધાણામ્.' એમ લખાયેલ છે.

બીજા પુરાતત્વીય પુરાવામાં કાંસ્ય યુગના સિંધુ નદીની સંસ્કૃતિની વસ્તુઓ જે મળી છે એ જૈન ધર્મની પ્રાચીનતાને ટેકો આપે છે અને એમ પણ જણાય છે કે ઋષભદેવની સાથે બીજા તિર્થંકરોની પૂજા થતી હતી. સિંધુ નદીના અવશેષો પરથી જણાય છે કે, જૈન ધર્મ ૩૫૦૦ થી ૨૫૦૦ બી.સી થી પણ વધારે પ્રાચીન છે.

૧) સિંધુ નદીના અવશેષોમાં જે માટીના વાસણ મળેલ છે તેમાં દેવ કરતા દેવીઓની આકૃતિ વધારે છે. આ ઉપરાંત દેવોની આકૃતિઓ નગ્ન છે આ બાબતમાં આ વિષયના નિષ્ણાંત ડાં. અર્નેસ્ટે નોધ્યું છે કે, આ નગ્ન દેવો જૈન ધર્મો પાળતા હતા એવું માની શકાય.

૨) એક અવશેષમાં છ નગ્ન સાધુઓ કાર્યોત્સર્ગની મુદ્રામાં દેખાય છે. જે મુદ્રા જૈન ધર્મની ખાસ મુદ્રા છે.

૩) અનેક અવશેષોમાં જે ધ્યાનગ્રસ્ત આકૃતિઓ મળે છે તે જૈન પરંપરાના તિર્થંકરો જે મુદ્રા માં બેસે છે તેને મળતી આવે છે.

૪) અમુક અવશેષમાં બળદની સાથે કાર્યોત્સર્ગમાં ઉભેલા તપસ્વીઓની આકૃતિ છે. બળદ એ ઋષભદેવનું ચિન્હ છે.

૫) સ્વસ્તિકનું ચિન્હ અનેક અવશેષોમાં જોવા મળે છે જે ચિન્હ જૈન ધર્મમાં પ્રચલિત છે.

૬) પટનાના લોહાનીપૂર મ્યૂઝયમમાં રાખેલ કાયોત્સર્ગ મુદ્રાનો ટોરસો કદાચ જૈન ધર્મના અવશેષમાનો હોય એમ મનાય છે.

## પાઠ : ૧૨.૨ જૈન ઈતિહાસ ભાગ – ૨

(ઈશુ પૂર્વ ૬ઠ્ઠી સદીથી ઈ.સ. પહેલી સદી)

### તિર્થંકર મહાવીરના સમય પહેલા જૈન ધર્મનો ફેલાવો

તિર્થંકર મહાવીરના સમય પહેલા જૈન ધર્મનો વિશ્વમાં કેટલો ફેલાવો થયો હતો તે વિશે આપણી પાસે કોઈ ઐતિહાસિક નક્કર વિગતો નથી. આમ છતાં જૈન સાહિત્યમાં આ બાબતના ઉલ્લેખ મળે છે.

ઉત્તરાધ્યન નિર્યુક્તિમાં લખેલ છે કે તિર્થંકર આદીનાથે બાલી, ગ્રીસ અને ઈરાનનો પ્રવાસ કરેલ છે. કાલ્કાચાર્યનો બર્માના પ્રવાસનો ઉલ્લેખ પણ જોવા મળે છે. આવશ્યક નિર્યુક્તિમાં તિર્થંકર પાર્શ્વનાથના નેપાળ પ્રવાસનો ઉલ્લેખ છે જો કે નેપાળ એ સમયે ભારતવર્ષનો જ એક ભાગ હતું. ઈશુ પૂર્વ આઠમી સદીથી ઈશુની ૧૦ સદી સુધી શ્રીલંકામાં જૈન ધર્મ પળાતો હતો એવા પુરાવા મળેલ છે.

તિર્થંકર મહાવીરના પહેલાના સમયમાં અફઘાનિસ્તાન, ઈરાન, ફીલીસ્ટીયા, ઈજીપ્ત, ઈથોપીયા, બલ્ગેરીયા વગેરે સ્થળે અનેક નગ્ન સાધુઓના મળેલા પુરાવા તથા કાર્યોત્સર્ગમાં મળેલી પ્રતિમા એવો નિર્દેશ કરે છેકે આ સમયમાં પણ જૈન ધર્મ અનેક દેશોમાં ફેલાયો હશે. પંડિત કૈલાશનાથે એક સંશોધન દ્વારા એવું પુરવાર કરવાનો પ્રયત્ન કરેલ છે કે આદિનાથ અને શીવ એકજ વ્યક્તિ હોવા જોઈએ પણ આ વાતને કોઈ અન્ય ઐતિહાસિક સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

### તિર્થંકર મહાવીર :

તિર્થંકર મહાવીરનો જન્મ ૫૯૯ બી.સીમાં ક્ષત્રિય કુળમાં વૈશાલી નગરીમાં એક રાજકુમાર તરીકે થયો હતો. આ સમયે વૈદિક ધર્મ અને તેના ક્રિયાકાંડ ખૂબજ પ્રચલિત હતા. આ ધર્મને કારણે પ્રસ્તાપિત થયેલા અનેક સામાજિક દુષણો અને ધાર્મિક વિચારધારામાં તિર્થંકર મહાવીરે અનેક સુધારા અને પરિવર્તન કર્યા જે નીચે પ્રમાણે છે.

### સામાજિક સુધારા :

૧) જાતિપ્રથા નિર્મૂલન

૨) કોઈ લિંગ ભેદભાવ નહી

૩) સ્થાનિક ભાષાનો પ્રયોગ

૪) અહિંસા

૫) અનેકાંત

૬) અપરિગ્રહ

૭) માર્ગાનુસારી ના ૩૫ નિયમો

૮) સંબંધોમાં સમાનતા

૯) સામાજિક અંધશ્રધ્ધાથી મુક્તિ

૧૦) સમાજના નીચલા વર્ગનું શોષણ બંધ કરાવ્યું

**ધાર્મિક વિચાર પરિવર્તન :**

૧) બધા આત્મા સમાન છે

૨) તમે પોતે તમારા નસીબના લેખક છો

૩) દરેક આત્મા અલગ છે અને મુક્ત છે

૪) ભગવાન સર્જનહાર નથી

૫) મુક્તિ માટે કોઈ દૈવી શક્તિને આધીન થવાની જરૂર નથી

૬) આત્મા અનાદિ અને અનંત છે

૭) કોઈ વ્યક્તિએ નર બાળકને જન્મ આપીને વડવાઓનું ઋણ ચૂકવવાનું નથી

૮) એવા કોઈ દેવી-દેવતાઓ નથી જે તમને શ્રાપ કે વરદાન આપી શકે

૯) ધર્મમાં હિંસા ને કોઈ સ્થાન નથી

૧૦) મુક્તિ

**પાર્શ્વનાથ પરંપરામાં પરિવર્તન :**

તિર્થંકર મહાવીરના સમયમાં ૨૩ માં તિર્થંકર પાર્શ્વનાથની પરંપરા અસ્તિત્વમાં હતી. જેમાં ચર્તુયામ અથવા તો ચાર મહાવ્રત પાળવાનું સાધુ માટે જરૂરી હતું. આ ચાર મહાવ્રતમાં બ્રહ્મચર્યનું વ્રત ન હતું કારણ કે સ્ત્રીને એક સંપત્તિ તરીકે ગણવામાં આવતી અને તેનો સમાવેશ અપરિગ્રહના વ્રતમાં કરવામાં આવતો. તિર્થંકર મહાવીરે બ્રહ્મચર્યનું વ્રત ઉમેરી પાંચ મહાવ્રત સ્થાપિત કર્યા. આ પ્રમાણે તેમણે સ્ત્રીને સમાન દરજજો અને સન્માન આપવાનો આગ્રહ રાખ્યો. તિર્થંકર પાર્શ્વનાથ પરંપરાના મુખ્ય શ્રમણ કેશી અને મહાવીર પરંપરાના મુખ્ય શ્રમણ ગૌતમ સ્વામી વચ્ચે થયેલો સંવાદ ઉત્તરાધ્યન સૂત્રમાં વર્ણવામાં આવેલ છે અને બંને પરંપરાની સામ્યતા અને વિલિનીકરણ વિશે રસપ્રદ વર્ણન છે. જો કે દિગંબર પરંપરા આ માન્યતાનો સ્વીકાર નથી કરતી.

**સંઘ સ્થાપના :**

તિર્થંકર મહાવીરે ચર્તુવિધ સંઘની સ્થાપના કરી જેના ચાર ઘટક છે. શ્રમણ-શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા. શ્રમણ માટે પાંચ મહાવ્રત અને શ્રાવક માટે ૧૨ વ્રત પાળવાનું આવશ્યક છે. કોઈપણ જ્ઞાતી કે જાતિની વ્યક્તિ જે આ વ્રત પાળવાનો નિયમ લે તે આ સંઘનો સદસ્ય બની શકે. આ

ધર્મ જિનેશ્વરે પ્રણિત કરેલ છે અને જિનેશ્વરના વચનમાં જે શ્રધ્ધા રાખે અને માને તે જૈન કહેવાય છે.

**અનેક શ્રમણ પરંપરાનું અસ્તિત્વ :**

તિર્થંકર મહાવીરના સમયમાં ૩૬૩ શ્રમણ અથવા અવૈદિક પરંપરા અસ્તિત્વમાં હતી. આ બધી પરંપરા વૈદિક ન હતી છતાં તેમના વિચારોમાં પણ વિવિધતા અને વિરોધાભાસ હતા. ગૌતમબુધ્ધ પણ તિર્થંકર મહાવીરના સમકાલીન હતા. આ અનેક પરંપરામાંથી બે જ પરંપરા એટલે કે જૈન અને બુધ્ધ પરંપરા હાલમાં અસ્તિત્વમાં છે.

મખાલીક ગોશાલક તિર્થંકર મહાવીરના શિષ્ય હતા પણ કોઈ વિવાદને કારણે તેમણે તિર્થંકર મહાવીરથી જુદા પડી ‘આજીવિકા’ નામના પંથની સ્થાપના કરી. કહેવાય છે કે આ પંથમાં માનવાવાળાની સંખ્યા તિર્થંકર મહાવીરને માનવાવાળા કરતા વધારે હતી અને તે સંપ્રદાય અનેક શૈકાઓ સુધી પ્રચલિત રહ્યો હતો. જૈન માન્યતા પ્રમાણે તિર્થંકર મહાવીરનો નાશ કરવા મખાલીક ગોશાલકે તેમના પર તેજો લેશ્યા ફેંકી હતી જે નિષ્ફળ નીવડી. ગુસ્સામાં ગોશાલકે તિર્થંકર મહાવીરને કહ્યું કે હું જોઈ લઈશ કે આવતા છ મહિનામાં તાવને કારણે તમારું મૃત્યુ થશે, જો કે તેના ૭ દિવસમાં ગોશાલકનું મૃત્યુ થયું.

તિર્થંકર મહાવીરના જમાઈ અને શિષ્ય જમાલીએ પણ તેમનાથી જુદા પડી ‘વહુરતા’સંપ્રદાયની સ્થાપના કરી હતી. જે થોડા સમય પછી લુપ્ત થઈ ગયો. ફક્ત બુધ્ધ પરંપરા પ્રચલિત થઈ જે આજે આપણે જાણીએ છીએ.

**રાજા અને રાજયો :**

ઈશુ પૂર્વની ૬ ઠ્ઠી સદી ભારતીય ઈતિહાસમાં ખાસ હતી, આ સમયે ઘણા મોટા રાજયો અસ્તિત્વમાં આવ્યા. અનેક રાજયો ગણતંત્ર પણ હતા અને બાકીના રાજયોમાં રાજશાહી વ્યવસ્થા હતી.

તિર્થંકર મહાવીર હંમેશા લોક બોલીનો ઉપયોગ કરતા, જે તે સમયે આ વિસ્તારમાં ‘અર્ધમાગધી’ કહેવાતી. રાજા શ્રેણીક (બીંબીસાર), રાજા રૂદ્રાયન, રાજા શ્રેણીકના ૨૫ પુત્રો, અરદક કુમાર, રાજા પ્રોધ્યોત, કૌસંબીની રાણીઓ, રાજા કુણીક (અજાતશત્રુ) વગેરે તિર્થંકર મહાવીરના ધર્મથી ખૂબ પ્રભાવીત થયા, અનેકે દિક્ષા લીધી અને અનેક લોકોએ તેમનો ધર્મ અંગીકાર કર્યો. રાજા અજાતશત્રુ તેમના શિષ્ય હતા તો પણ તેણે મોટા સૈન્ય સાથે તેમણે રાજા ચેતક જે પણ મહાવીરના અનુયાયી હતા તેમણે હરાવી, મારી નાખ્યા.

૭૨ વર્ષની ઉંમરે તિર્થંકર મહાવીર ધર્મની ધુરી ગણધર ગૌતમને સોંપી નિર્વાણ પામ્યા.

**તિર્થંકર મહાવીર પછી ૫મી ઈશુ પૂર્વ સદીથી ૩જી ઈશુ પૂર્વ સદી :**

તિર્થંકર મહાવીરના નિર્વાણ સમયે ગણધર ગૌતમ સ્વામી અને સુધર્મા સ્વામી જીવીત હતા.

ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું અને સુધર્મા સ્વામીએ સંઘની વ્યવસ્થા ૧૨ વર્ષ સંભાળી ત્યારબાદ સંઘના વડા તરીકે જંબુ સ્વામી આવ્યા. સુધર્માસ્વામી અને જંબુસ્વામી વચ્ચેના અનેક સંવાદ ગ્રંથો આપણને મળે છે. જંબુસ્વામી  તિર્થંકર મહાવીર પછીના ૬૪ માં વર્ષે નિર્વાણ પામ્યા. આ સમયમાં છેલ્લા કેવળજ્ઞાની જંબુસ્વામી મનાય છે. જંબુસ્વામી પછી જૈન સંઘના વડા તરીકે પાંચ શ્રુત કેવળી થયા, જેમના નામ શ્વેતાંબર પરંપરા પ્રમાણે પ્રભાવસ્વામી, સંજંભભાવસુરી, યશોભદ્રસુરી, સંભુતિવિજયજી અને ભદ્રબાહુ ૧ છે પણ દિગંબર પરંપરા પ્રમાણે તેમના નામ વિશ્નુકુમાર, નંદીમિત્રા, અપરાજીતા, ગોવર્ધન અને ભદ્રબાહુ ૧ છે.

**મૌર્ય સામ્રાજય : મગધ :**

**ઈશુ પૂર્વ ૩ થી ઈશુની ૧ લી સદી**

આ સમય મૌર્ય સામ્રાજયનો સૂવર્ણકાળ હતો. ભારતવર્ષના લગભગ ક્ષેત્રમાં તેનું સામ્રાજય હતું. આ સામ્રાજયનો પાયો ચંદ્રગુપ્ત મૌર્ય અને તેના બાહોશ મંત્રી ચાણકયએ નાખ્યો હતો(૩૨૨-૨૯૮ બીસીઈ). આ સમયે ભદ્રબાહુસ્વામીએ પોતાના જ્ઞાનથી જાણ્યું કે મગધમાં ૧૨ વર્ષનો કારમો દુકાળ પડવાનો છે. આ જાણીને ભદ્રબાહુસ્વામીએ તેમના ૧૨,૦૦૦ શિષ્યો સાથે દક્ષિણ ભારત તરફ જવાનો નિર્ણય લીધો. રાજા ચંદ્રગુપ્ત મૌર્ય ભદ્રબાહુ સ્વામીથી ખૂબ પ્રભાવિત હતા. તેઓએ પણ ગુરુ સાથે દક્ષિણ તરફ જવાનો નિર્ણય કર્યો. કહેવાય છે કે ચંદ્રગુપ્ત મૌર્યએ ચંદ્રગિરી પર્વત જે શ્રવણ બેલગોડાની નજીક છે ત્યાં સંથારો લઈ દેહ ત્યાગ કર્યો. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો વિશેષ પ્રચાર થયો.

જે સાધુઓ મગધમાં જ રહ્યા તે આચાર્ય સ્થૂલીભદ્રના શિષ્ય તરીકે રહ્યા. આ સમયે આગમ કંઠસ્થ હતા કારણ કે, લખાણ પદ્ધતિમાં અને પ્રકારની હિંસા થવાની સંભાવના થતી. સમય બદલાતા આગમો વિસરાય જશે એમ સમજી આચાર્ય સ્થૂલીભદ્રએ આગમજ્ઞાનને લીપીબધ્ધ કરવા એક કાઉન્સીલ (વાચના) બોલાવી જેમાં ભારતવર્ષના જૈન આચાર્યો અને વિદ્ધવાનો આમંત્રણ આપવામાં આવેલ. સંદેશવ્યવહારની અને વાહન વ્યવહારની કોઈ ખાસ સગવડ નહી, ભાષાની વિવિધતા, અનેક જગ્યાએ સ્થળ પ્રમાણે માન્યતાઓમાં ફેરફાર થયો હોય, અનેક મંતવ્યોમાં ફકત વિવિધતા નહી પણ વિરોધાભાસ પણ હોઈ શકે  આવા સમયમાં આગમ સંકલનનું કામ કેટલું અઘરું હશે તે સમજી શકાય તેવું છે. આ હતો શ્વેતાંબર આગમોના સંકલન અને સંવર્ધનનો પ્રથમ પ્રયાસ. જો કે દક્ષિણથી પાછા ફરેલ ભદ્રબાહુ સ્વામીના શિષ્યોએ આ વાચનાનો સ્વીકાર નહી કર્યો આ રીતે જૈન ધર્મના બે ફાંટા થવાના બીજ રોપાયા.

**બિંદુસાર અને સમ્રાટ અશોક :**

જૈન સાહિત્યમાં ચંદ્રગુપ્ત મૌર્યના વારસદાર બિંદુસારનો ખાસ ઉલ્લેખ નથી. ત્યારબાદ સમ્રાટ અશોકનો સમય આવ્યો. સમગ્ર ભારત વર્ષને એક કરી એક આદર્શ રાજા તરીકે સમ્રાટ અશોક વિશ્વ વિખ્યાત છે. જો કે તેમણે જૈન ધર્મ કરતા બુધ્ધ ધર્મનો વધારે સ્વીકાર કર્યો અને સમગ્ર વિશ્વમાં

આ ધર્મ પ્રચાર માટે બુધ્ધ ભિખ્ખુઓને મદદ કરી. કહેવાય છે કે તેમના અંત સમયે તેમની દ્રષ્ટિ સર્વધર્મ સમભાવ અને ધર્મના નૈતિક મૂલ્યો તરફ વધારે હતી.

**ઉજ્જૈના રાજા સંપ્રતિ : (૨૨૪-૨૧૫ બીસીઈ)**

રાજા સંપ્રતિ રાજા કુનાલના પુત્ર અને સમ્રાટ અશોકના પૌત્ર હતા. તેમનો વિસ્તાર ઉજ્જેન હતો. આ સમય દરમ્યાનના બ્રાહ્મી ભાષામાં લખેલા અનેક અવશેષો મળે છે. મુંબઈ નજીક નાલાસોપારામાં પણ એ સમયનો આવો એક સ્તુપ મળી આવેલ છે. રાજા સંપ્રતિ જૈન આચાર્ય આર્ય સુહસ્તિના પરિચયમાં આવે છે અને ખૂબ પ્રભાવિત થાય છે. રાજા સંપ્રતિએ જૈન ધર્મના સાધુઓને ખૂબ સગવડ કરી આપી અને જૈન ધર્મનો પ્રચાર કર્યો. ભારતવર્ષમાં ઠેર ઠેર મંદિરો બાંધવામાં અને જિન પ્રતિમાઓ ભરાવવામાં રાજા સંપ્રતિની બરાબર કોઈ નથી. આ સાથે રાજા સંપ્રતિએ અહિંસાનો ખૂબ જ પ્રચાર કર્યો.

**કલીંગ રાજા ખારવેલ : (૧૭૦-૧૫૦ બીસીઈ)**

આ મૌર્ય સામ્રાજ્યનો પતનકાળ અને ખારવેલ સામ્રાજ્યનો ઉદયકાળ હતો. તેમનું સામ્રાજ્ય ઉત્તર પૂર્વથી લઈને મથુરા અને ઉજ્જેન સુધી વિસ્તરીત હતું. આ સમયે રાજા ખારવેલે જૈન સાધુ માટે ભુવનેશ્વરની બાજુમાં હસ્તગીરી અને ખંડગીરીની ગુફાઓનો વિકાસ કર્યો અને ત્યાં જૈન સાધુઓને રહેવાની સગવડ આપી. સમગ્ર ભારતમાં જૈન ધર્મના અનેક કેન્દ્રો બન્યા. દક્ષિણ ભારતમાં આ કામ અનેક જૈન સાધુઓ એ કર્યું.

આ ગુફામાં એક હાથી ગુફા છે જેમાં એક જૈન શીલાલેખ મળી આવેલ છે, જે જૈન ધર્મનો સૌથી પ્રાચીન શીલાલેખ મનાય છે અને તેમાં નવકાર મંત્રના પ્રથમ બે વાક્યો જોવા મળે છે - **'નમો અરિહંતાણં' અને 'નમો સવ્વવિસદ્ધાણં'**

રાજા વિક્રમાદિત્ય ૫૦ બીસી અને ૫૦ એડી કાળ દરમ્યાન ઉજ્જેનના રાજવી હતા. આ ઉપરાંત રાજા શાલીવહન પણ જૈન રાજવી હતા એવું મનાય છે. આ બંને રાજાએ પણ જૈન ધર્મના પ્રચારમાં ખૂબ અગત્યનો ફાળો આપેલ છે.

**ગ્રીસમાં જૈન સાધુઓ :**

આ સમય દરમ્યાન ગ્રીક સમ્રાટ એલેકઝાંડર તેના ગુરુ એરીસ્ટોટલના આદેશથી અનેક નગ્ન સાધુઓને ભારતમાંથી ગ્રીસ અને રોમ લઈ જાય છે. આજે પણ જૈન સાધુની સમાધિ ગ્રીસમાં જોવા મળે છે. આ રીતે આ સમય દરમ્યાન જૈન ધર્મનો ફેલાવો પશ્ચિમ અને મધ્ય એશિયામાં થયો હશે.

**જૈન ધર્મના ભાગલાની શરૂઆત :**

આ સમય દરમ્યાન જૈન ધર્મના બે ફાંટા પડવાની શરૂઆત થઈ. મથુરામાં રહેલા અનેક

સાધુઓના પ્રયત્ન પછી પણ આ ભાગલા પડયા અને તેમાંથી શ્વેતાંબર અને દિગંબર પરંપરાની શરૂઆત થઈ.

**આગમ લખાણ અને અન્ય ભાષાઓ પર જૈન ધર્મનો પ્રભાવ :**

અન્ય દર્શન દ્વારા વારંવાર જૈન દર્શનની ટીકા થતી એ સમયે અનેક આચાર્યોએ જૈન ગ્રંથો લખ્યા. શીવાર્યા, કુંદકુંદાચાર્ય, ઉમાસ્વાતિ, કુમારસ્વામી, ભુતબલી, પુષ્પદંત વગેરે આચાર્યોએ દિગંબર ગ્રંથો લખ્યા અને આચાર્ય સ્કંદીલના નેજા હેઠળ શ્વેતાંબર ગ્રંથો લખવાના શરૂ થયા. પતાંજલી અને વાલ્મીકી પણ આ સમય દરમ્યાન થઈ ગયા. બુધ્ધ ગ્રંથો પણ લખાયા. 'કુરલ', જે તામિલ ભાષાનો નિતિમત્તા પરનો ગ્રંથ છે તે કુંદકુંદાચાર્યએ લખ્યો. કન્નડ ભાષામાં પણ અનેક ગ્રંથો લખાયા. આ રીતે કન્નડ અને તામિલ ભાષાના વિકાસમાં જૈન આચાર્યોનો ફાળો ઘણો મહત્વનો છે.

**જૈન સ્થાપત્ય :**

લખનૌ મ્યુઝીયમ, મથુરા, પટણા વગેરે સ્થળે આપણને અનેક જૈન સ્થાપત્યો જોવા મળે છે. જે ઈશુની પ્રથમ સદીના મનાય છે. મથુરાના કંકાલી ટીલામાંથી મળેલ અવશેષો અને ખારવેલનો શીલાલેખ જૈન ધર્મના સ્થાપત્ય ઈતિહાસમાં ખૂબ જ મહત્વના છે.

૧ લી સદીમાં આચાર્ય રત્નપ્રભસુરી, રાજસ્થાનના ઓસીયાજી આવ્યા અને તેમના પ્રભાવથી આશરે ૧,૨૫,૦૦૦ લોકોએ જૈન ધર્મ અંગીકાર કર્યો.